**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૬૦ ટકા

# શહેરમાં પારો દોઢ ડિગ્રી ગગડયો

## ધીમે ધીમે ઠંડી તેની અસર દેખાડી રહી છે : ઠંડા પવનો સાથે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ગીરાવટ આવી છે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં ક્રમશઃ ઠંડી વધી રહી છે. આજે દિવસભર ઠંડા પવનો સાથે ઠંડીની અસર રહેતા વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડયું હતું.

ડિસેમ્બરમાં હવે ઠંડી ધીમે ધીમે જોર પકડી રહી છે. સવારે અને સાંજે ઠંડીની અસર દેખાય છે. ગઈકાલ રાતથી ઠંડીનું જોર વધ્યું હતું. વસાહતીઓને ગરમ વસ્ત્રો માળીયામાંથી કાઢવા પડયા હતા. દિવસ દરમિયાન પણ ઠંડા પવનો ચાલુ રહ્યા હતા. દ્વિચક્રી વાહનચાલકોને ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવા પડયા હતા. પવનની દિશા બદલાતા ઠંડીનું જોર વધી રહ્યું છે. હજુ ગયા અઠવાડીયે લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહ્યું હતું. જે દરરોજ ક્રમશઃ ઘટી રહ્યું છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૬.૮ ડિ.સે. નોંધાયું હતું જે આજે ઘટીને ૧૫.૨ ડિ.સે. રહ્યું હતું. જયારે મહત્તમ તાપમાન પણ ઘટયું હતું. જે ૨૯.૮ ડિ.સે. નોંધાયું હતું. ઠંડીની અસર તળે હવે ગરમવસ્ત્રોની ખરીદી જોર પકડી રહી છે. બાળકોના સ્કૂલ માટેના ખાસ ગરમ વસ્ત્રોની ખરીદી વધુ જામી છે આ ઉપરાંત મોજા, ટોપી અને સ્ટોલ્સની ખરીદી પણ વધુ થઈ રહી છે. સે-૬ના મેદાનમાં અને ઘ-૫ના મેદાનમાં લાગેલા તિબેટીયન માર્કેટમાં પણ ઠંડી વધતા ગ્રાહકોની સંખ્યા વધી રહી છે. ઠંડીના કારણે વસાહતીઓ ઘણા વહેલા ઘરમાં ઘુસી જતા હોવાથી માર્ગો પણ સુમસામ જોવા મળે છે.



### શનિવારથી ઠંડીનો બીજો રાઉન્ડ

ચોમાસાની જેમ ઠંડી પણ આ વખતે મોડી શરૂ થઈ છે તો વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે. જેની અસરરૂપે ફરી કમોસમી વરસાદની શકયતા સેવાઈ રહી છે. ખાનગી વેધર સંસ્થાએ જણાવ્યું છે કે આ સમગ્ર ડિસેમ્બર મહિનામાં ઉપરા ઉપરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે. દરમિયાન વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી સૌરાષ્ટ્રમાં એકલ દોકલ વિસ્તારમાં તો કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની વધુ શકયતા જોવા મળશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થયા બાદ શનિવારથી ઠંડીમાં ક્રમશઃ વધારો થતો જશે. હવામાનની એક ખાનગી સંસ્થાએ જણાવ્યું છે કે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનું સર્કયુલેશન રાજસ્થાન સુધી આવે છે અને તેનો ટ્રફ કચ્છ અને ઉત્તર ગુજરાત સુધી લંબાય છે. જેની અસર ઉત્તર ગુજરાત અને બનાસકાંઠામાં જોવા મળશે. જેની અસરરૂપે તા. ૧૨-૧૩ (ગુરૂ-શુક્ર) સૌરાષ્ટ્રના એકલ દોકલ વિસ્તારોમાં છાંટાછુટીની સંભાવના છે. જયારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વધુ સંભાવના છે. તા. ૧૨-૧૩ના છુટાછવાયા વિસ્તારમાં ઝાકળવર્ષા પણ જોવા મળે. ત્યારબાદ એટલે કે તા. ૧૪મીથી ઠંડીનો રાઉન્ડ આવી રહ્યો છે. ઠંડીમાં ક્રમશઃ વધારો થતો જશે. દિવસના તાપમાનમાં પણ ઘટાડો થતો જશે. ખાસ કરીને વ્હેલી સવારે અને રાત્રીના સમયે ઠંડીનો વધુ અહેસાસ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે તેવી પૂરેપૂરી શકયતા છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦
**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫
**કમાન્ડો ૩** - ૭.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦
**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫
**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦
**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫
**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦
**કમાન્ડો-૩** - ૧.૧૫, ૯.૩૦
**હોટલ મુંબઈ** - ૪.૦૫

# આઈઆઈટી ગાંધીનગર ખાતે 'ડિજીટલ માનવતા' વિષયે બે દિવસીય વર્કશોપનો પ્રારંભ





ગાંધીનગર, તા.૯

'ડીજીટલ માનવતાના વિચાર અને ઉઠતા અવાજ અંગેના બે દિવસના વર્કશોપથી યુવાનોના માનસમાં જાગૃતિ સાથે વિવિધ કલાક્ષેત્રો, માનવીય પરિબળો અને સામાજિક વિજ્ઞાન ક્ષેત્રે એકરૂપતા સંધાશે જે વિચાર યુવાનો દ્વારા વધુ પ્રસારિત થઈ શકશે તથા તેમના જીવનમાં આગળ વધવા સાથે નવી તકો પ્રાપ્ત થવામાં મદદરૂપ પણ બનશે.' આ શબ્દો કહ્યા હતા શાસ્ત્રી ઈન્ડો કેનેડીયન ઈન્સ્ટિટયુટના ડાયરેકટર ડૉ. પ્રાચી કૌલે જયારે તેઓ આઈઆઈટી ગાંધીનગર ખાતે 'ડિજીટલ ટર્ન ઈન હ્યુમાનિટીઝ' વિષયે આજે પ્રારંભ થયેલા બે દિવસીય વર્કશોપના ઉદઘાટન પ્રસંગે અતિથિવિશેષ પદેથી બોલી રહ્યા હતા.

આજે ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી આઈઆઈટી ખાતે વિન્ટર ઈન્સ્ટિટયુટ ઈન ડિજીટલ હ્યુમાનિટીઝ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય વર્કશોપનો પ્રારંભ કરાયો હતો. આ વર્કશોપમાં અંદાજે ૪૦ જેટલાં વિષય નિષ્ણાંતો, પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ, સંશોધકો, વ્યવસાયિકો અને માધ્યમોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્કશોપના ઉદઘાટન પ્રસંગે આઈઆઈટીના હ્યુમાનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સ વિભાગના ફેકલ્ટી મેમ્બર પ્રો. અર્નપૂર્ણા રથ, યુનિવર્સિટી ઓફ સાસકેચ્વાનના ઈતિહાસના ફેકલ્ટી મેમ્બર પ્રો. જીમ કિલફોર્ડ તથા મેથેમેટિકસ-સ્ટેટિસ્ટિકના ફેકલ્ટી મેમ્બર પ્રો. રાજશ્રી નિવાસન જેવા મહાનુભાવોએ તેમના વિચારો રજૂ કર્યા હતા.

# રખડતા ઢોરોની નોંધ માટે પશુના કાન પર ચીપ લગાવાશે

## શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત : અનેક ઉપાયો અજમાવવા છતાં શહેરમાં રખડતા ઢોરોની સંખ્યા વધી રહી છે

ગાંધીનગર, તા.૯

અનેક પ્રયત્નો છતાં શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહ્યો છે. દર વર્ષે લાખોનો ખર્ચ કરવા છતાં આ સમસ્યામાંથી મુકિત મળતી નથી. શહેરમાંથી પકડાયેલા ઢોરો અને તેના માલિકની નોંધ માટે પશુના કાન પર ચીપ લગાવવાનું પણ વિચારણા હેઠળ છે. જેથી કરીને માલિક સામે દંડનીય કાર્યવાહી કરી શકાય.

રાજયનું પાટનગર હોવા છતાં ગાંધીનગરમાં રખડતા ઢોરોની સમસ્યા યથાવત રહી છે. ચોમાસા બાદ શહેરમાં લીલોતરી ઉગી નીકળે છે તે પછી શહેરમાં ઢોરોનો ત્રાસ વધી જાય છે. લગભગ દરેક સેકટરમાં રખડતા ઢોરો જોવા મળે છે. ગાંધીનગર શહેરમાં ઘણા પશુપાલકો રહે છે. જેઓ ઘર આંગણે કે કોમન પ્લોટમાં પોતાના ઢોર રાખી તેનો ઉછેર કરે છે અને દૂધનો વ્યવસાય કરે છે. આ પશુપાલકો દિવસે પોતાના પશુઓને ખુલ્લામાં છોડી દે છે. ખુલ્લા મેદાનોમાં ચરતા પશુઓ ઘણીવાર મુખ્ય માર્ગોની વચ્ચે આવી જાય છે અને માર્ગો પર અડીંગો જમાવી દે છે. આ ઢોર શહેર માટે મોટી સમસ્યારૂપ બની ગયા છે અને વાહનચાલકો માટે અડચણરૂપ બને છે. આ સમસ્યામાંથી શહેરને મુકિત અપાવવા મહાપાલિકા દ્વારા ઢોર પક્કડ પાર્ટી માટે વર્ષે ૨૪ લાખ ચુકવવામાં આવે છે. આ ઉપરાંત પોલીસ બંદોબસ્ત પાછળ પણ ખર્ચો થાય છે. હાલમાં ઢોર પક્કડ પાર્ટી નિયત કરવાની કામગીરી ચાલી રહી છે. રખડતા ઢોરોમાંથી શહેરનો મુકિત મળે તે માટે ઢોરના કાને ચીપ લગાવવામાં આવશે. એકનું એક ઢોર ફરીથી પકડાય તે સ્થિતિમાં પશુપાલકને દંડ કરી શકાય અથવા તેની સામે ફોજદારી કાર્યવાહી કરી શકાય તે હેતુથી ચીપ લગાવવાની કામગીરી કરવાની વિચારણા થઈ રહી છે.

ચાલુ વર્ષે મનપા દ્વારા લગભગ ૨ હજાર જેટલા રખડતા ઢોર પકડીને ડબ્બે પુરવામાં આવ્યા હતા અને સાથે જ નવ લાખ જેટલો દંડ પશુપાલકો પાસેથી ઉઘરાવવામાં આવ્યો હતો. એવું પણ જાણવા મળ્યું છે કે હવેથી જે ઢોરને ડબ્બે લવાશે તેવા તમામ પશુઓને પાંજરાપોળને વાહનમાં ચઢાવવાનો પણ કોન્ટ્રાકટ આપી દેવાશે.

## ચિરવિદાય

- સ્વ. ગૌસ્વામી શાંતિગીરી કાશીગીરી, ઉ.વ. ૫૪
- સ્વ. રામી ત્રિકમભાઈ આત્મારામ, ઉ.વ. ૭૬
- સ્વ. ઠાકોર ઈશ્વરજી ડાહ્યાજી, ઉ.વ. ૫૨
- સ્વ. વિજય વસાંતલાલ ભાવસાર, ઉ.વ. ૫૨
- સ્વ. દિલીપકુમાર કાન્તિલાલ ત્રિવેદી, ઉ.વ. ૬૪

# જુના સેકટરોમાં બીજે દિવસે પણ પાણીનો કકળાટ

## ગાંધીનગરમાં પ્રતિ વ્યકિત દીઠ લગભગ ૨૦૦ થી ૨૫૦ લીટર પાણી પહોંચાડવામાં આવે છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરને જેમ બને તેમ અપગ્રેશન તરફ લઈ જવાના પ્રયત્નો સરકાર તરફથી થઈ રહ્યા છે. જે અંતર્ગત ૨૪ કલાક પાણીનો પુરવઠો આપવાની વિચારણા પણ કરવામાં આવી રહી છે ત્યારે હાલના દિવસોમાં પાણીની સમસ્યા જુના સેકટરવાસીઓને સતાવી રહી છે. એક દિવસ જાણ કર્યા વિના પાણીનો પુરવઠો સેકટરોમાં પહોચ્યો નહતો અને સતત બીજા દિવસે પણ તે જ હાલ રહ્યા હતા તથા આજે ધીમા ફોર્સથી પાણી આવ્યું હતું જે કારણે ગૃહિણીઓના કામ અટકી પડયા હતા.

શહેરના જુના સેકટરોમાં હજી પણ સવાર અને સાંજના સમયગાળામાં પાણીની આવનજાવનનો આધાર રહેલો છે. અમુક સેકટરમાં સવારના વારામાં નિશ્ચિક કલાક પાણી અને અમુકમાં સાંજના વારામાં નિશ્ચિત કલાકમાં પાણી આવતું હોય છે. જે પાણીના ફોર્સથી આખા દિવસના વપરાશનું પાણી સંગ્રહિત કરવાનું રહે છે. અને આવામાં પણ ચરેડી વોટર વર્કસ ખાતે સફાઈનું કામ ચાલતું હોવાથી જુના સેકટરમાં પાણી ધીમા ફોર્સથી આવશે તેવી જાણ કરાઈ હતી અને સતત બીજા દિવસે પણ પાણી ફોર્સમાં ન આવતા જુના સેકટરના રહીશોમાં આક્રોશ જોવા મળ્યો હતો. નોંધનીય બાબત છે કે, ગાંધીનગરમાં પ્રતિ વ્યકિત દીઠ લગભગ ૨૦૦ થી ૨૫૦ લીટર પાણી પહોંચાડવામાં આવે છે. જે બીજા શહેરોની સરખામણીએ વધુ કહી શકાય પરંતુ અમુક દિવસે કારણોસર જયારે પાણી ન અપાય કે ફોર્સમાં ન આવે તો શહેરીજનો મુશ્કેલીમાં મુકાઈ જાય છે અને તંત્ર ઉપર રોષ ઠાલવે છે. આ દિવસોમાં જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા વસાહતીઓને એક દિવસ આગોતરી જાણ કરવામાં આવી ન હતી અને બીજા દિવસે જાણ કર્યા બાદ પણ નિયત સમય કરતા એક વધુ દિવસ પાણી ફોર્સથી આવ્યું ન હતું. જે કારણે વસાહતીઓ રોષે ભરાયા છે. ઘણી ગૃહિણીઓનું કહેવું છે કે પાણી બરાબર ફોર્સથી ન મળતા તેમના કામ અટકી પડયા છે. અને શહેરની વર્કીંગ વુમનના કહ્યા મુજબ આખા અઠવાડિયાનું કામ રવિવારે કરતા હોવાથી આ દિવસે પાણી પુરતી માત્રામાં ન મળતા તેમનું કામ ડબલ થઈ ગયું છે. પાણીની આ સમસ્યાને લીધે જુના સેકટરવાસીઓ નારાજગી વ્યકત કરી રહ્યા છે.

# દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિના ભાગ રૂપે લાયોનેસ કલબ ગાંધીનગર તથા એસોસિએશન ફોર સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલોપમેન્ટના સંયુકત ઉપક્રમે દિવ્યાંગ સમૂહલગ્નોત્સવ યોજાશે. તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર સમૂહલગ્નનું રજીસ્ટ્રેશન તા. ૧૫ ડિસેમ્બર સુધી કરાવવા સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે તથા વધુ માહિતી માટે દક્ષા જાદવ ૯૮૭૯૦૫૭૯૭૮ તથા પરમજીત કૌર છાબડા ૮૩૪૭૪૩૧૯૦૦નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# એસપી રીંગ રોડ પર બુલેટ રેલીંગમાં ઘુસી જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ચાંદખેડા રહેતો યુવક પોતાના નરોડા ખાતે રહેતા મિત્રના પિતાના અંતિમ સંસ્કાર પતાવીને ઘર તરફ આવી રહ્યો હતો, ત્યારે યુવકને અકસ્માત નડ્યો હતો. સુઘડથી તપોવન સર્કલ તરફના માર્ગ પર બુલેટ પરનો કાબુ યુવકે ગુમાવતા બુલેટ રેલીંગમાં ઘુસી જતા ચાંદખેડાના આશાસ્પદ યુવકનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચાંદખેડા શારદાકૃપા સોસાયટી ખાતે રહેતો રક્ષેશ હસમુખભાઈ પારેખ (ઉં.વ.૩૫) સવારે છ વાગે ઉઠીને નરોડા ખાતે ગયો હતો. મિત્રના પિતાના અગ્નિ સંસ્કાર બાદ તે પરત ફરી રહ્યો હતો. ત્યારે સુઘડથી તપોવન સર્કલ જતા એસપી રીંગ રોડ પર યુવકે અચાનક બુલેટ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી બાજુમાં લગાવેલી લોખંડની રેલીંગ સાથે યુવકનુ માથુ ભટકાયું હતું. માથામાં ગંભીર ઈજાને પગલે સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ બોલાવી હતી. પંરતુ ૧૦૮ એમ્બ્યુલન્સવાળાએ યુવકને સ્થળ પર જ મૃત જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે મૃતક રક્ષેશ ખાનગી નોકરી કરતો હતો. તેના પરિવારમાં માતા-પિતા, પત્ની અને એક દિકરો-દિકરી છે. મૃતકના પિતા ઓએનજીસી ખાતે ફરજ બજાવતા હતા અને હાલ તેઓ નિવૃત જીવન ગાળી રહ્યા છે. અડાલજ પોલીસે બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દત્ત મંદિર સે-૨૮ ખાતે દત્ત જયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૯

દત્ત મંદિર સે-૨૮ ખાતે તા. ૧૧ ડિસેમ્બરના રોજ દત્ત જયંતિ મહોત્સવ ઉજવાશે. જે અંતર્ગત સાંજે ૪ કલાકે પુજન, ૫.૪૫ કલાકે દત્ત જયંતિ ઉપર પ્રવચન, ૬ કલાકે દત્ત જન્મોત્સવ અને પૂજન તથા રાત્રે ૮ કલાકે દત્ત મંદિર પરિસરમાં પાલખી યાત્રા યોજાશે. ભાવિક ભકતોને કાર્યક્રમમાં ભાગ લેવા સંસ્થાના પ્રકાશ કે. દવે દ્વારા જણાવાયું છે.

# ગાંધીનગર શહેર મોચી સમાજનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા કડી સ્કૂલ ગાંધીનગર ખાતે તા. ૫ જાન્યુઆરીના રોજ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેમાં ધો-૧ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ તથા વિશેષ સિધ્ધિ પદ પ્રાપ્ત કરેલ વ્યકિતઓનું વય નિવૃત્ત વ્યકિતઓનું સન્માન ઉપરાંત ૭૫ કે તેથી વધુ વય વટાવી ચુકેલ વ્યકિતઓનો વિશેષ સન્માન સમારંભ યોજાશે. આ અંગે તા. ૨૫ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ તથા વિશેષ સિધ્ધી અને અન્ય સન્માન માટે નામ નોંધાવવા ૯૯૭૮૪ ૪૨૦૪૪, ૯૪૨૬૩ ૯૮૮૧૮, ૯૮૯૮૦ ૨૮૧૫૬ પર સંપર્ક કરવા અથવા કાર્યાલય ૫-સમર્પણ, ગુ.હા. સહકાર કોલોની સે-૨૫ ખાતે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ ભગવાનભાઈ કે. ગોહેલ દ્વારા જણાવાયું છે.

# તન, મન અને ધનથી સમૃધ્ધ થઈએ કાર્યક્રમ યોજાયો





શહેરના સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આજે સાંજના સુમારે તન, મન અને ધનથી સમૃધ્ધ થઈએ તે વિષય નિષ્ણાંતો દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ નાગરીકોએ ભાગ લીધો હતો. જેમાં તન વિષય પર એનસીડી સેલના ડીપીઓ ડો.ચિંતન ગોંડલીયાએ, મન ઉપર ડો.આનલ રાવલે અને ધન ઉપર કંદર્પ પટેલે સુંદર માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના અંતમાં જિલ્લા એનસીડી સેલ દ્વારા નાગરીકોનું ડાયાબિટીસ અને બીપી ચેકઅપનો કેમ્પ યોજાયો હતો. તેમાં પણ ઉત્સાહભેર નાગરીકોએ ભાગ લીધો હતો. જયારે કાર્યક્રમને અંતે સૌ નાગરીકો અલ્પાહાર લઈ છુટા પડયા હતા.

# સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા સ્નેહમિલન તથા સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૯

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ તથા સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતા કારોબારી સભ્યો અને પૂર્વ પ્રમુખોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ શાખા ગાંધીનગરનો તા. ૮ ડિસેમ્બરના રોજ સ્નેહમિલન કાર્યક્રમ તથા સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જે તે સમયના તત્કાલિન પ્રમુખના પ્રયાસ અને કાર્યને બિરદાવવા માટે તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સે-૨૩ શાખા સ્થાપક પ્રમુખ પંકજભાઈ શુકલ તથા પૂર્વ પ્રમુખ પરેશભાઈ દવે, દિલીપભાઈ જાની, બંકિમભાઈ મહેતા, પ્રદિપભાઈ દવે, મુકેશભાઈ શુકલ, અતુલભાઈ ત્રિવેદી તથા પૂર્વ મંત્રી મયંકભાઈ ભટ્ટ અને મેહુલભાઈ દવે આ દરેકને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સરકારી કે બિનસરકારી નોકરીમાંથી વય મર્યાદાના કારણે તથા સ્વૈચ્છિક નિવૃત્ત તથા સે-૨૩ શાખાના કારોબારી સભ્યો બંકિમચંદ્ર શશીકાંત મહેતા, દિલીપભાઈ જાની, પ્રદિપભાઈ દવે, અતુલભાઈ ત્રિવેદી, મયંકભાઈ ભટ્ટ અને નરેન્દ્રભાઈ ભટ્ટને બુકે આપી સ્વાગત અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત દરેક કાર્યક્રમોમાં ઉદબોધક તરીકે સેવા આપવા બદલ સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખના પ્રમુખ કુ. જયશ્રી ખેતિયાનું લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજના મંત્રી નરેશભાઈ દવે અને પૂર્વ પ્રમુખ કનૈયાલાલ પંડયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા આ કાર્યક્રમ બદલ શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેકટર શાખાના બ્રમસમાજના પરિવારોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને બિરદાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. જયશ્રી ખેતિયા અને મુકેશ શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું તથા આભારવિધિ મયંકભાઈ ભટ્ટે કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ, મંત્રી તપનભાઈ ત્રિવેદી, ખજાનચી અશોકભાઈ દવે, પુનમભાઈ ભટ્ટ, બિપીનભાઈ જાની, ભાસ્કરભાઈ ભટ્ટ, કરણ રાવલ તથા ભાનુભાઈ ભટ્ટનો વિશેષ સહયોગ રહ્યો હતો.